બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરી /ગેરી ધ્વારા તથા ૧૦% ગેરી લેબોરેટરીમાં કરાવવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ– પરચ/૧૦૨૦૦૭/૨૮/સી.
સચિવાલય, ગાંધીનગર
તા.:–17/૦૫/૨૦૧૯

વંચાણે લીધા :– મા.મ.વિનો પરિપત્રનો ક્રમાંકઃ–પરચ/૧૦૨૦૦૭/૨૮/સી., તા.૩૧/૧૨/૨૦૦૯.

**આમુખઃ–**

માર્ગ અને મકાન વિભાગનાં બાંધકામના માલસામાનને પરીક્ષણો માટે સંદર્ભમાં દર્શાવેલ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો. આ પરિપત્રમાં દર્શાવેલ માલસામાન માટે પરીક્ષણોની સંખ્યાનાં ૧૦% નમુનાના પરીક્ષણો / ઓછામાં ઓછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવા, ૧૦% નમુનાનાં પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરીનો તથા ૮૦% નમુનાનાં પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર કરવાની સુચના આપેલ હતી. સમય જતા ગેરીમાંથી સમયસર પરીક્ષણોના પરીણામો કામના ભારણને કારણે સમયમર્યાદામાં મળતા ન હતા. તેમજ જિલ્લા કક્ષાની ગેરી લેબોરેટરીમાં મર્યાદીત મટીરીયલનાં પરીક્ષણો થતા હોય, કેટલાંક મટીરીયલના પરીક્ષણો ગેરીની અન્ય જીલ્લાની લેબોરેટરીમાં આપવાના થાય છે. ક્ષેત્રીય કચેરીની રજુઆત અન્વયે આ પરિપત્રમાં સુધારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉકત વિચારણાને અંતે પ્રસ્તુત પરિપત્રમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે. જે આ પરિપત્ર કર્યાની તારીખથી અમલમાં મુકવાનો રહેશે.

**પરિપત્રઃ–**

બાંધકામના માલસામાનનાં કરવા પાત્ર પરીક્ષણો પૈકી ૮૦% પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર, ૧૦% પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરી અને ૧૦% પરીક્ષણો ગેરી / સરકારી ઈજનેરી કોલેજ / સરકારી પોલીટેકનીક કોલેજમાં કરાવવાના રહેશે. દરેક માલસામાનનું ઓછામાં ઓછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવાનું રહેશે.

ઉકત જોગવાઈઓ સિવાય મા.મ.વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ ના પરિપત્રની અન્ય જોગવાઈ / શરતો યથાવત રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.પો.)
માર્ગ અને મકાન વિભાગ

પાછળ

Scanned with CamScanner